# ગુજરાતમાં ટ્રાફિક દંડની રકમમાં ૫૦ ટકા ઘટાડો

## નવા નિયમો અને દંડની ૧૬મી સપ્ટેમ્બરથી અમલવારી : હેલ્મેટ-સીટબેલ્ટ વિના રૂપિયા ૫૦૦, લાયસન્સ, આરસી બુક કે વીમો-પીયુસી નહી હોય તો રૂપિયા ૫૦૦નો દંડ થશે અને અડચણરૂપ પાર્કિંગ બદલ ૫૦૦

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં આગામી તા. ૧૬મી સપ્ટેમ્બરથી સમગ્ર રાજયમાં ભારત સરકારે સુધારેલા મોટરવાહન અધિનિયમ-૨૦૧૯નો અમલ શરૂ કરાશે તેવી જાહેરાત કરતા આજે મુખ્મમંત્રી વિજયનભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ‘‘રાજ્ય સરકાર દ્વારા માનવીય અભિગમને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત દંડની જોગવાઈઓમાં રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે જે ગુનાઓમાં સામાન્ય માનવીની જીંદગી જોખમમાં મુકાય છે તેવા ગુનાઓમાં રાજ્ય સરકાર કોઈ છૂટછાટ આપશે નહી.’’ આ સાથે મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારની સૂચિત દંડનીય જોગવાઈઓમાં રાજ્ય સરકારે ક્યાં ક્યાં કેટલી રાહત આપી છે તેની સવિસ્તર છણાવટ કરી હતી.

કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એક્ટમાં સુધારા કરીને નવા ટ્રાફિક નિયમો, જોગવાઈઓ અને આકરા દંડને લાગુ કરવામાં આવ્યો હતો પરંતુ ગુજરાતમાં આટલા આકરા દંડ અને જોગવાઈઓને લઈ આમજનતામાં ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠતાં રાજય સરકારે વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ, આરટીઓ અને ટ્રાફિક સત્તાધીશો સહિતના સંબંધિત સત્તાવાળાઓ સાથે બેઠક યોજી તેમ જ આ સમગ્ર મામલે હાઈપાવર કમીટી મારફતે સમીક્ષા કરી નવા કાયદાની ૫૦ જેટલી કલમોમાં નોંધનીય ફેરફાર કર્યો હતો અને ખાસ કરીને ટ્રાફિક કે વાહન સંબંધી અપરાધ કે ગુનામાં દંડની આકરી રકમમાં થોડો ઘટાડો કરી પ્રજાજનોને આંશિક રાહત આપવાનો પ્રયાસ કર્યો હતો. નવા ઘટાડેલા દંડના દરો સાથે આગામી તા.૧૬ સપ્ટેમ્બરથી સમગ્ર ગુજરાત રાજયમાં આ કાયદાનો અમલ શરૂ કરવામાં આવશે એ મતલબની જાહેરાત આજે રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણીએ કરી હતી. જો કે, સરકાર દ્વારા દંડની આ ઘટાડેલી રકમ પણ વધુ પડતી હોવાથી લોકોમાં ખાસ કરીને સામાન્ય નાગરિકોમાં દંડની રકમને લઈ આક્રોશ અને ભારોભાર નારાજગી જોવા મળી રહ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારે આ મામલે નવા કાયદાની ૫૦ કલમોમાં ફેરફાર કરી અને દંડની રકમમાં ઘટાડો કર્યો છે. રાજય સરકારને આકરા દંડની વસૂલાતમાં નહી પરંતુ નાગરિકોની સુરક્ષા અને સલામતીમાં રસ છે. સરકારે આમજનતાની મુશ્કેલી આ અને આર્થિક બોજાની સ્થિતિને ધ્યાનમાં લઈ વધુ પડતી આકરી રકમમાં ઘટાડો કરી વાજબી રકમ નક્કી કરી નાગરિકોને રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હવે દંડની રકમમાં ડિજિટલ પેમેન્ટ માન્ય ગણાશે તો, વાહનચાલક દ્વારા ડિજિટલ સ્વરૂપે દસ્તાવેજ રજૂ કરાય તો તે પણ માન્ય રહેશે. એટલું જ નહી, વાહનચાલક પાસે તાત્કાલિક દસ્તાવેજો ના હોય તો તે રજૂ કરવા માટે તેને પંદર દિવસનો સમય મળશે. આ સમયમર્યાદામાં તે ઓથોરીટી સમક્ષ પોતાના દસ્તાવેજો રજૂ કરી શકશે. હાઈપાવર કમીટીએ મોટર વ્હીકલ એકટના અમેન્ડમેન્ટની પ્રત્યેક કલમની વિસ્તૃત છણાવટ કરી હતી અને ત્યારબાદ આ નવા સુધારેલા દર નક્કી કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ એ સ્પષ્ટ કર્યું હતું કે, સરકારે ટુ વ્હીલર માટે માનવીય અભિગમ અને ટ્રેકટર અને કૃષિલક્ષી ખેડૂત કલ્યાણ લક્ષી અભિગમ અપનાવ્યો છે પરંતુ સામાન્ય માણસને અસર કરતા હોય તેવા અને ખાસ કરીને નિર્દોષ લોકો જીવન ગુમાવે તેવા ગંભીર કિસ્સામાં કોઈપણ પ્રકારની રાહત કે છૂટછાટ અપાઈ નથી. પૂરઝડપે બાઈક-વાહનો ચલાવવા કે ભયનજક રીતે વાહનો હંકારવા સહિતના અપરાધમાં કોઈ રાહત અપાઈ નથી. ગુજરાતમાં ૨૦ હજારથી વધુ અકસ્માતો થાય છે. નિર્દોષ પરિવારો વેરવિખેર થઈ જાય છે. લોકોની સલામતી માટે સરકાર આ નિયમોની અમલવારી કરી રહી છે. ડિજિટલ સ્વરૂપે દસ્તાવેજો માન્ય રહેશે. જે જોગવાઈઓમાં રાજય સરકારને સત્તા બક્ષાયેલી તેમાં જ આ સુધારા અને રાહતની રકમ લાગુ કરાઈ છે, જયારે જે કિસ્સામાં રાજય સરકારને સત્તા નથી અને જે કોર્ટને આધીન સત્તા છે.

ગુજરાત સરકારે જુના કાયદાની સરખામણીમાં નવા કાયદામાં સમતુલા રાખી હોવાનો દાવો કરતા મુખ્યમંત્રીએ આ દંડની અમલવારી દરમ્યાન જાહેર જનતાની રોડ પરની સલામતી જળવાય, અકસ્માતોનું પ્રમાણ ઘટે, અકસ્માતોથી થતા મૃત્યુમાં ઘટાડો થાય તેમજ એક પણ નિર્દોષ નાગરિકની અમુલ્ય જીંદગીનો ભોગ ન લેવાઈ જાય તે બાબતનો અભિગમ દાખવ્યો હગોવાનું જણાવ્યું હતુ. ટ્રાફિકના ગુનાઓના નિયંત્રણ માટે સરકાર દ્વારા તમામ કામગીરી પેમેન્ટ સહિત ડીજીટલ સ્વરૂપે કરવાનું નક્કી કર્યુ છે અને આ તમામ ગુનાઓની વિગત ઓટોમેટિક આરટીઓ તથા પોલીસના ડેટાબેજમાં અપડેટ થઈ જશે તેથી ટ્રાફિકનો ગુનો કરનાર કોઈપણ ઈસમ છટકી શકશે નહી. આ સાથે મુખ્યમંત્રીએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે કોઈપણ વાહનમાલિક ડ્રાઈવીંગ લાઈસન્સ કે વાહનને લગતા અન્ય દસ્તાવેજો ઈલેક્ટ્રોનિક સ્વરૂપે ‘ડીજીટલ લોકર’ થકી દેખાડશે તો તેને પોલીસ તથા આરટીઓ અધિકારીઓ માન્ય રાખશે.

## નવા ટ્રાફિક નિયમ અને દંડ શું છે

| ગુનાનો પ્રકાર | કેન્દ્રની એમવી એકટની સૂચિતદંડની રકમ | રાજય સરકારે લાગુ કરેલી દંડની રકમ(પહેલીવાર) | બીજીવાર |
|---|---|---|---|
| હેલ્મેટ વિના<br>સીટ બેલ્ટ વિના | રૂ.૧૦૦૦<br>રૂ.૧૦૦૦ | રૂ.૫૦૦<br>રૂ.૫૦૦ | -<br>- |
| ચાલુ વાહને મોબાઈલ પર વાત | પહેલી વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૫૦૦ | રૂ.૫૦૦ | રૂ.૧૦૦૦ |
| લાયસન્સ, આરસીબુક, વીમો કે | પહેલી વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૫૦૦ | રૂ.૫૦૦ | રૂ.૧૦૦૦ |
| પીયુસી ના હોય તો | | | |
| અડચણરૂપ પાર્કિંગ | પહેલી વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૫૦૦ | રૂ.૫૦૦ | રૂ.૧૦૦૦ |
| ભયજનક રીતે વાહન ચલાવવું | પહેલી વખત રૂ.૫૦૦૦, બીજી વખત રૂ.દસ હજાર | થ્રી વ્હીલર માટે રૂ.૧૫૦૦, એલએમવી માટે રૂ.૩૦૦૦ | એ મુજબ જ |
| ઓવરસ્પીડીંગ<br>રૂ.ચાર હજાર | એલએમવી રૂ.બે હજાર, એલએમવી સિવાય ૪૦૦૦ અન્ય વાહનો માટે છ મહિના | ટુ અને થ્રી વ્હીલર માટે ૧૫૦૦, એલએમવી રૂ.બે હજાર,અન્ય | ટુ અને થ્રી વ્હીલર રૂ.બે હજાર, એલએમવી રૂ.ત્રણ હજાર અને માટે લાયસન્સ સસ્પેન્ડ |
| કાચ પર ડાર્ક ફિલ્મ હોય તો | પહેલી વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૫૦૦ | રૂ.૫૦૦ | રૂ.૧૦૦૦ |
| લાયસન્સ વિના વાહન ચલાવવું | રૂ.પાંચ હજાર | રૂ. ટુ વ્હીલર રૂ.બે હજાર, થ્રી અને ફોર વ્હીલર રૂ.ત્રણ હજાર | - |
| રજિસ્ટ્રેશન વિના વાહન ચલાવવું | પહેલી વખત રૂ.૫૦૦૦, બીજી વખત રૂ.દસ હજાર | ટુ વ્હીલર એક હજાર, થ્રી વ્હીલર બે હજાર, ફોર વ્હીલર ત્રણ હજાર | - |
| થર્ડ પાર્ટી વીમા વિના વાહન ચલાવવું | પહેલી વખત રૂ.બે હજાર, બીજી વખત ચાર હજાર | રૂ.બે હજાર | રૂ.ચાર હજાર |
| ધ્વનિપ્રદૂષણ કરી વાહન ચલાવવું | રૂ.એક હજાર | રૂ.એક હજાર | - |
| પ્રદૂષણયુકત વાહન ચલાવવું | રૂ.દસ હજાર | ટુ વ્હીલર તથા એલએમવી એક હજાર, અન્ય ત્રણ હજાર | - |
| જાહેરમાં રેસ કે સ્પીડ સ્ટંટ બદલ | પહેલી વખત રૂ.પાંચ હજાર, બીજી વખત રૂ.દસ હજાર | રૂ.પાંચ હજાર | રૂ.દસ હજાર |
| એમ્બ્યુલન્સ, ફાયર જેવા ઈમરજન્સી વાહનોને સાઈડ ના આપે તો | રૂ.દસ હજાર | રૂ.એક હજાર | - |
| ફિટનેસ સર્ટિ. વિના વાહન ચલાવવુ | પહેલી વખત રૂ.પાંચ હજાર, બીજી વખત રૂ.દસ હજાર | થ્રી વ્હીલર રૂ.૫૦૦, ફોર વ્હીલર અને અન્ય રૂ.પાંચ હજાર | |
| બાઈકમાં ટ્રિપલ સવારી | રૂ.એક હજાર | રૂ.૧૦૦ | - |

## મુખ્યમંત્રીએ કરેલી મહત્વની જાહેરાતો

- તા. ૧૬મી સપ્ટેમ્બરથી નવા મોટરવાહન અધિનિયમનો કડક અમલ
- લાયસન્સ સહિતના દસ્તાવેજો ડીજીટલ લોકરમાં સેવ હશે તો માન્ય
- હેલ્મેટ વગર પ્રથમવાર રૂ. ૫૦૦, બીજીવાર રૂ. ૧૦૦૦
- સીટબેલ્ટ વગર પ્રથમવાર રૂ. ૫૦૦
- સ્કૂટરમાં ત્રણ સવારી રૂ. ૫૦૦
- લાયસન્સ, વીમો, પીયુસી કે આરસીબુક ન હોય તો રૂ. ૫૦૦, રૂ. ૧૦૦૦
- અડચણરૂપ પાર્કિંગ માટે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦
- કાચ પર ડાર્ક ફિલ્મ માટે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦
- ચાલુ વાહને મોબાઈલ પર વાત રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦
- રોંગસાઈડ, ઓવર સ્પીડ અને ભયજનક વાહન હંકારવા માટે પ્રી વ્હીલર સુધી રૂ. ૧૫૦૦, એલએમવી રૂ. ૩૦૦૦ અને ભારે વાહનોને રૂ. ૫,૦૦૦નો દંડ
- ડ્રાઈવીંગ લાયસન્સ ન હોય તો ટુવ્હીલરને રૂ. ૨૦૦૦ અન્યોને રૂ. ૩૦૦૦
- રજીસ્ટ્રેશન વગરના વાહન માટે ટુ વ્હીલરને રૂ. ૧૦૦૦, થ્રી વ્હીલરને રૂ. ૨૦૦૦ અને ફોર વ્હીલરને રૂ. ૫,૦૦૦
- ફીટનેસ વગરનું વાહન ચલાવનારને થ્રી વ્હીલરને રૂ. ૫૦૦ અને ફોર વ્હીલરને રૂ. ૧૦૦૦
- પીયુસી વગરનું વાહન ટુ વ્હીલર-કારને રૂ. ૧૦૦૦ અને અન્ય વાહનોને રૂ. ૩૦૦૦
- અવાજનું પ્રદૂષણ કરતા વાહનોને રૂ. ૧૦૦૦
- ખેતીનો માલ અને ઘરવખરી લઈ જતા વાનોને રૂ. ૧૦૦૦
- એમ્બ્યુલન્સ-ફાયરબ્રિગેડ વગેરેને સાઈડ ના આપવાથી રૂ. ૧૦૦૦
- જાહેરમાં રેસ કરનારને પ્રથમવાર રૂ. ૫૦૦૦ અને પછી ૧૦૦૦૦



પ્રમુખ એલીગન્સ સોસાયટી કુડાસણની સોસાયટી સમિતિ દ્વારા સોસાયટીના કમ્પાઉન્ડમાં પાણીનો વધુ બગાડ ન થાય તે રીતે તમામ રહીશોના સાથ સહકાર દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવ્યુ હતુ.

# વેડા ગામની સીમમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

## મૃતકે આપેલા રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ હત્યાનો પ્લાન ઘડી કાઢ્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામની સીમમાં ચીકુડીના ખેતરમાંથી વડસ્માના વેપારીની હત્યા થઈ હતી. આ હત્યાનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખીને બે આરોપીની અટકાયત કરી છે. આરોપીએ મૃતક પાસેથી કટકે કટકે દોઢ લાખ રૂપીયા ઉછીના લીધા હતા. જે વ્યાસ સાથે પોણા બે લાખ રૂપીયા થયા હતા. વેપારીએ રૂપીયાની કડક ઉઘરાણી શરુ કરી હતી. જેને પગલે રૂપીયા પાછા ન આપવા પડે તે માટે આરોપીએ વેપારીની હત્યા કરીને વેડા પાસે મૃતદેહ ફેંકી દીધો હતો. જયારે આ હત્યાને માર્ગ અકસ્માતમાં ખપી જાય તે માટે આરોપીઓએ બાઈકની પણ તોડફોડ કરી હતી. જયારે એલસીબી પોલીસના હાથે પકડાયેલા બે આરોપી પૈકી એક વડસ્મા અને એક વેડા ગામનો હોવાનું સામે આવ્યું છે.

### આરોપીએ મૃતકને પૈસાની વાતચીત માટે બોલાવી હત્યા કરી

આરોપી હીતેષે મૃતકને ફોન કરીને પૈસાની લેતીદેતીની વાતચીત કરવા માટે બોલાવ્યા હતા. જેથી અજીતસિંહ ઘરે કોઈને કહ્યા વિના બાઈક લઈને વેડા પાસે પહોંચ્યા હતા. ત્યારે અગાઉથી પ્લાન ઘડીને ઉભેલા હીતેશે તેમને પકડી લીધા હતા અને આશિકે પથ્થરથી વાર કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

### માત્ર ૫ હજારમાં હત્યામાં સાથ આપ્યો

હત્યામાં સામેલ અન્ય આરોપી હિતેશના તબેલામાં કામ કરતો હતો. તેણે માત્ર રૂ.૫ હજારમાં માટે હત્યામાં સાથ આપ્યો હતો. રાત્રીના સમયે હત્યા કર્યા પછી બંને આરોપીઓ જયારે પોલીસ પહોંચી તે સમયે બનાવ સ્થળે મૃતદેહ જોવા માટે પણ આવ્યા હતા.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વડસ્મા ગામે કરીયાણાની દુકાન ચલાવતા અજીતસિંહ જીવણજી ચાવડા જમીન અને મકાન લે-વેચનું કામ કરતા હતા. રાત્રીના નવા વાગ્યાના અરસામાં શુક્રવારના રોજ દુકાન બંધ કરીને બાઈક લઈને પરિવારના સભ્યોને કંઈ પણ કહ્યા વિના તે બહાર ગયા હતા.પરંતુ રાત્રીના ૧૧ વાગ્યા છતા પરત ન આવતા પરિવારના સભ્યો ચિંતિત બન્યા હતા. અજીતસિંહની પત્નીએ મોબાઈલ ફોન કરતા માત્ર રીંગ જ વાગી રહી હતી. જયારે વહેલી સવારે ૩.૩૦ પછી ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેને પગલે પરિવારે અને પાડોશીઓએ શોધખોળ કરતા વેડા જવાના માર્ગ પર ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. બનાવને પગલે ગાંધીનગર ક્રાઈમબ્રાંચ પીઆઈ નીરજ પટેલની ટીમ તપાસમાં જોડાઈ હતી. હત્યાના કેસમાં શંકામાં આવેલા બે શખ્સો કાંઠા ગામ નજીક માર્ગ પર બાઈક લઈને નીકળ્યા હતા ત્યારે દબોચી લીધા હતા. જેમાં આ હત્યાનો મુખ્ય સુત્રધાર વડસ્મા ગામનો હિતેષ વરવાભાઈ રબારી ઉંવ.૨૧ અને વેડા ગામનો આશિષ ઉર્ફે આશિક રાજુભાઈ રાવળનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓને પકડી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ ખેરાલુ ખાતે સેવા કેમ્પનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ભાદરવી પૂનમે અંબાજી અંબે માતાના દર્શનાર્થે



જઈ રહેલા પદયાત્રીઓની સેવા માટે ખેરાલુ ખાતે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે આ સેવા કેમ્પનું ઉદ્દઘાટન કરાયુ હતુ જે પ્રસંગે ક્રાંતિસેનાના પ્રદેશ અધ્યક્ષ પ્રવિણસિંહ ઝાલા, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, પ્રદેશ ઉપપ્રમુખ મનહરસિંહ ડાભી ઉપરાંત પુંજાજી ઠાકોર, લલીતસિંહ યાદવ, ગાંધીનગર જિલ્લા એકમના પ્રમુખ સુરેશજી ઠાકોર, મહામંત્રી નટુજી ઠાકોર, જીવરાજભાઈ ઠાકોર, અરવલ્લી એકમના પ્રમુખ મહેન્દ્રસિંહ ઠાકોર, મહિલા કન્વીનર ઉષાબેન ઠાકોર તથા અગ્રાણી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંદીપભાઈ ઠાકોર અને નટવરજી ઠાકોરે કર્યુ હતુ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ